GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat Under Gujarat Act No.: 20 of 2007)
ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007

**Ref.** જીટીયુ/મહેકમ/લોકડાઉન-૩/૨૦૨૦/૩૬૫૩ તા.૦૫/૦૫/૨૦૨૦

**વંચાણે લીધેલ** :- ૧) ગુજરાત સરકારના શિક્ષણવિભાગના પરિપત્ર ક્રમાંક કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨, તા. ૦૪-૦૫-૨૦૨૦

૨) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક જીટીયુ/મહેકમ/લોકડાઉન-૩/૨૦૨૦/૩૬૫૨, તા. ૦૩-૦૫-૨૦૨૦

**પરિપત્ર**

ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટીના તમામ વિભાગો, જીટીયુ ઝોનલ કચેરીઓ, શૈક્ષણિક ભવનો તથા જીટીયુ સંલગ્ન સંસ્થાઓને જણાવવાનું કે સંદર્ભ-૧ દર્શિત પરિપત્રથી જાહેર કરવામાં ઓર્ડર મુજબ નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે લેવાના થતાં નિવારાત્મક પગલાના ભાગરૂપે તા. ૦૪-૦૫-૨૦૨૦ થી ૦૨ (બે) અઠવાડીયા સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન જે તે સત્તામંડળ દ્વારા નિયત કરાયેલા "રેડઝોન અને ઓરેન્જ ઝોન"માં આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણપણે બંધ રાખવાની રહેશે. વધુમા "રેડઝોન અને ઓરેન્જ ઝોન" વિસ્તારોમાંથી આવતા કર્મચારીઓ / અધિકારીશ્રીઓને યુનિવર્સિટી / કોલેજોમાં હાજરી આપવામાંથી બાકાત રાખવામાં આવે છે. આ સૂચના જ્યાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં "રેડઝોન અને ઓરેન્જ ઝોન" રહેશે ત્યાં સુધી લાગુ પડશે. આથી તા. ૦૪-૦૫-૨૦૨૦ થી તા. ૧૭-૦૫-૨૦ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી તથા સંલગ્ન સંસ્થાઓના તમામ કર્મચારીઓ / અધિકારીશ્રીઓએ કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે જરૂર જણાયે વર્ક ફ્રોમ હોમ મુજબ ફરજ બજાવવાની રહેશે.

યુનિવર્સિટીના શૈક્ષણિક - બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓ / અધિકારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહીં અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. જ્યારે પણ સરકારશ્રી / યુનિવર્સિટીને સ્ટાફની આવશ્યકતા પડે અને જિલ્લા તંત્ર દ્વારા જે ફરજ સોંપવામાં આવે તે ફરજ અચૂક બજાવવાની રહેશે. યોગ્ય સમયે માહિતી મળી રહે તે માટે ઈમેઈલ તથા વોટ્સએપ તથા યુનિવર્સિટીની વેબસાઈટ ચેક કરતા રહેવું. જીટીયુના તમામ કર્મચારીઓએ ટૅકનોલોજીના માધ્યમથી જે તે વિભાગના વડા સાથે જોડાઈ રહેવા સૂચના આપવામાં આવે છે. જેથી આવશ્યક્તા પડે તેમની સેવા મેળવી શકાય.

-sd-
**કુલસચિવ**



**Chandkheda :** GTU Campus, Nr. Visat Three Road, Chandkheda, Ahemdabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 521 / 570
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

<u>અગત્યનું</u>

ક્રમાંકઃ કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૨૦

પ્રતિ,
વાઇસ ચાન્સેલરશ્રી,
તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ

<u>વિષયઃ</u> – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપયુર્કત વિષય પરત્વેના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેયર્સ, નવી દિલ્હીના તા.૦૧/૦૫/૨૦૨૦ ના ઓર્ડર ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી છે.

૨. ઉક્ત ઓર્ડર અન્વયે નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે લેવાના થતાં નિવારાત્મક પગલાંના ભાગરૂપે લોકડાઉનને તા.૦૪/૦૫/૨૦૨૦ થી ૦૨(બે) અઠવાડિયા માટે લંબાવવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન જે તે સત્તામંડળ દ્વારા નિયત કરાયેલ **<u>"રેડ ઝોન અને ઓરેન્જ ઝોન"</u>**માં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણપણે બંધ રાખવાની રહેશે. વધુમાં **<u>"રેડ ઝોન અને ઓરેન્જ ઝોન"</u>** વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે/બોલાવવાના રહેશે નહિ આ સૂચનાઓ જયાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં **<u>"રેડ ઝોન અને ઓરેન્જ ઝોન"</u>** હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ
(પકેશ ઠાકોર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

<u>બિડાણઃ</u> ઉપર મુજબ

<u>નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે રવાનાઃ-</u>

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૨/- તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજોને(સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી) જાણ કરવા સારૂ.

**No. 40-3/2020-DM-I(A)**
**Government of India**
**Ministry of Home Affairs**

North Block, New Delhi-110001
Dated 1st May, 2020

## ORDER

Whereas under directions of the National Disaster Management Authority (NDMA), guidelines on lockdown measures to contain the spread of COVID-19 in all parts of the country were issued vide Order of even number dated 24.03.2020 under the Disaster Management Act 2005 for a period of 21 days with effect from 25.03.2020. Under further directions of NDMA, the lockdown period was extended upto 03.05.2020 vide Order of even number dated 14.04.2020 and consolidated revised guidelines were issued vide Order of even number dated 15.04.2020;

Whereas in exercise of the powers under section 6(2)(i) of the Disaster Management Act, 2005, NDMA has issued an Order number 1-29/2020-PP dated 01.05.2020 directing the Chairperson, NEC that lockdown measures be continued to be implemented in all parts of the Country, for a further period of two weeks with effect from 04.05.2020;

Whereas under directions of the aforesaid Order of NDMA dated 01.05.2020, and in exercise of the powers, conferred under Section 10(2)(l) of the Disaster Management Act, 2005, the undersigned, in his capacity as Chairperson, NEC, hereby issues directions to all the Ministries/ Departments of Government of India, State/Union Territory Governments and State/Union Territory Authorities that the lockdown period is extended for a further period of two weeks with effect from 04.05.2020;

Whereas, in exercise of the powers, conferred under Section 10(2)(l) of the Disaster Management Act, 2005, the undersigned, in his capacity as Chairperson, NEC, hereby issues new guidelines on lockdown measures, as annexed, which will come into effect from 04.05.2020 for a period of two weeks, for strict implementation.

1/5/2020
**Union Home Secretary**

**To:**

1. The Secretaries of Ministries/ Departments of Government of India
2. The Chief Secretaries/Administrators of States/Union Territories
   (As per list attached)

**Copy to:**

i. All members of the National Executive Committee.
ii. Member Secretary, National Disaster Management Authority.